મેચ ફૉર હાર્મની

સિટી રિપોર્ટર » એચએલ કોમર્સ કોલેજ દ્વારા પ્રોફેસર અને સ્ટુડન્ટસ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. ફેકલ્ટી અને સ્ટુડન્ટસમાં 'હાર્મની ક્રિએટ' કરવા માટે આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોફેસરોએ પહેલા બેટિંગ કરીને ૯૯ રન બનાવ્યા, સ્ટુડન્ટસે ટાર્ગેટ પૂરો કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો.

ડાન્સ બાય ચાન્સ

સિટી રિપોર્ટર » ઓક્સફોર્ડ એકેડમી અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશનના સ્ટુડન્ટ માટે સિટી પ્રાઈડ ખાતે એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા સ્ટુડન્ટે ભાગ લીધો હતો.

'ઝીરો બર્ડ કેજ્યુલ્ટી' જનજાગૃતિ અભિયાન

સિટી રિપોર્ટર » ઉત્તરાયણના બે દિવસ દરમિયાન દોરીથી ઘણાં પક્ષીઓ ઘાયલ થાય છે. આ માટે કલ્યરલ ફાઉન્ડેશન દ્વારા 'ઝીરો બર્ડ કેજ્યુલ્ટી' જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન વિસામો કિડ્સ ફાઉન્ડેશનના બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ પક્ષી બચાવ અભિયાન ૧૧ જાન્યુઆરી થી ૧૬ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

.પ્લાન YOUR DAY.

૧૧:૦૦થી

ઈવેન્ટ
મારુતિ કારના નવા મોડલનું લોન્ચિંગ
પ્લેસ
ધ ગ્રાન્ડ ભગવતી

૧૬:૦૦ થી

ઈવેન્ટ
પેઇન્ટિંગ એક્ઝિબિશન
પ્લેસ
માર્વેલ આર્ટ ગેલરી

૦૯:૦૦ થી

ઈવેન્ટ
થ્રી ઈડિયટ્સનું સ્ક્રીનિંગ
પ્લેસ
ડોન બોસ્કો ઈંગ્લિશ સ્કૂલ

આપની ઈવેન્ટ માહિતી અહીંયા આપો મો. - ૯૯૦૯૯ ૭૬૧૭૭
ઈમેલ citybhaskar@guj.bhaskarnet.com પણ મોકલી શકો છો.

ઈમેજિનેશનનું સાયલન્ટ કન્વર્સેશન

વૃન્દાવન સોલંકીના પેઇન્ટિંગની સુંદરતા શબ્દોમાં ઊતરી

સિટી રિપોર્ટર »

પૂજ્ય ગાંધીબાપુએ કહ્યું હતું કે બાળકને બારાખડી લખતા શિખવાડતાં પહેલાં ચિત્રકામ શીખવવું જોઈએ. જાણે અજાણ્યે કક્કા કરતાં પહેલાં ચિત્ર દોરનાર વૃંદાવન સોલંકીના ચિત્ર પ્રદર્શનની થીમ જ બોલ્યા વગર સમજવાની વાત લાવી છે.

દિલ્હીની આર્ટ હેરિટેજ ગેલેરીની જેમ અમદાવાદની માર્વેલ ગેલરી પણ કલાકારની કલાને પ્રોત્સાહન પૂરું પાડવાનો યજ્ઞ આરંભીને બેઠી છે. 'કલા ખાતર કલા'નો સિદ્ધાંત કલાકારને પૂર્ણતા આપી શકે છે. કલાની શિબિરોમાં પ્રવૃત્ત રહેવું, દેશ-વિદેશના એવોર્ડ્ઝ મેળવવા કે 'ચિત્રકલા' નામક પુસ્તક લખવું એ જ વૃંદાવનભાઈનો હેતુ નથી. એમને તો કલાને જીવી જવી છે. કલાને વર્યા પછીની એમની માનસિકતા સંતોષની ક્ષિતિજો હાંસલ કરવા મથી રહી છે. માત્ર અર્થોપાર્જન નહીં, જિંદગીમાં એથી ઘણું વધારે હાંસલ કરવાનું છે તે એમને એમના પત્ની ડૉ. ચિત્રાબહેનના સાથથી સમજાયું છે. દરેક સફળ પુરુષની પાછળ આવી સ્ત્રીનો હાથ હોય છે તેવું વૃંદાવનભાઈ માને છે. એમને અવિરત બસ ચિતર્યા જ કરવું છે. ખ્યાતિની કોઈ ખેવના નથી. પ્રસ્તુત પ્રદર્શનના ચિત્રોના સ્પષ્ટ બે વિભાગ જોવા મળ્યા. બ્લેક એન્ડ વ્હાઇટ-એક્રેલિક રંગથી રેખાઓનું ઝીણવટભર્યું કામ અને બ્રાઉન ઓઇલપેઇન્ટથી કરેલા પીંછીના મુક્ત લસરકા. બંને પ્રકારના ચિત્રોમાં માનવ મુખ્ય છે અને જીવનની યાત્રાના અગત્યના પડાવ છે. પતિ-પત્નીનું સાયુજ્ય - જેમાં દંપતી સાથે છે, અબોલ છે છતાં ઘણા વાચાળ છે. મા-બાળકનો સાથ છે જેમાં બંનેને એકબીજાની હૂંફ છે અને એ લાગણીને શબ્દોના વાઘા નથી પહેરાવ્યા છતાં આંખ બોલે છે અને મન સાંભળે છે. પ્રેમને કોઈ શરીરની જરૂર નથી. એ અપૂર્વ છે.

વર્ડ ઓફ કલર્સ : ચિત્રકાર વૃંદાવન સોલંકીના ચિત્રોને અભ્યાસનો વિષય બનાવીને ચૈતન્ય ઘન્ચી શાહે 'સાયલન્ટ કોન્વર્સેશન' નામે શબ્દોમાં ઉતાર્યા છે.

ગ્રીન અર્થ ડિવાઈન ફ્યૂચરમાં વિચારમંથન

સિટી રિપોર્ટર »

પરોઢિયે કઠિયારા જ્યારે ઝાડ કાપવા માટે જંગલમાં જાય છે ત્યારે સિંહ ત્રાડ પાડીને કઠિયારાને ભગાડી દે છે. તેવી રીતે શિકારી જ્યારે સિંહનો શિકાર કરે છે ત્યારે સિંહ આ ઝાડની ઘટાઓમાં છૂપાઈ જતો હોય છે. જેમ ઝાડ અને સિંહ એક બીજાના સહારે છે તેવી જ રીતે માનવી અને કુદરત પણ એક બીજાના સહારે છે. આ માટે દરેક વ્યક્તિએ ભેગા થઈને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને ગંભીરતા પૂર્વક લેવી પડશે. આ વાક્ય છે સ્વામી બ્રહ્મવિહારીજીના.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩ બી દ્વારા રિજનલ -૨ની ચાર દિવસ માટેની રિજનલ કોન્ફરસ યોજવામાં આવી હતી. જેમાં 'ગ્રીન અર્થ - ડિવાઈન ફ્યુચર' થીમ પર કોન્ફરન્સ યોજવામાં આવી હતી. ચાર દિવસની કોન્ફરન્સમાં ગ્લોબલ વોર્મિંગ પર રેલી પણ યોજાઈ હતી. કોન્ફરન્સના પેનલ ડિસ્કશનમાં પાસ્ટ ઈન્ટરનેશનલ ડાયરેક્ટર પ્રવીણ છાજેડ, ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિ.ગવર્નર દેવજી પટેલ, સેકેન્ડ વાઈસ ડિસ્ટ્રિ. ગવર્નર સુરેશ શાહ, ડિસ્ટ્રિ. ગવર્નર ભાવેશ પટેલ ઉદ્યોગપતિ ઉત્તમ મહેતા તથા બિઝનેસ વુમન રૂઝાન ખંભાતાએ હાજરી આપી હતી. જ્યારે ચીફ ગેસ્ટ તરીકે એમડીસીસી સેક્રેટરી અને ટ્રેઝર જગદીશ ગુલાટી તથા ફોરેસ્ટ એન્ડ એન્વાયરન્મેન્ટ ગવર્નમેન્ટ ઓફ ગુજરાતના એસ.કે નંદા હાજર રહ્યા હતા .

લોન્ચ થઇ ગ્લોબલ વોર્મિંગ પર વેબસાઇટ

લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩ -બી દ્વારા ગ્લોબલ વોર્મિંગની કોન્ફરન્સની સાથે સાથે (www.greenearth_divinefuture.org) વેબસાઇટ પર્યાવરણવાદી કાર્તિકેય સારાભાઇના હસ્તે લોન્ચ પણ લોન્ચ કરવામાં આવી હતી. ગ્લોબલ વોર્મિંગ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે માટે આ વેબસાઇટ તૈયાર કરવામાં આવી છે. આ અંગે કાર્તિકેય સારાભાઈએ જણાવ્યું હતું કે, ક્લબ દ્વારા અત્યાર સુધી સોશિયલ અવેરનેસ પ્રોગ્રામો યોજવામાં આવતા હતા. હવે વૈશ્વિક સ્તરે ચાલી રહેલી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને હલ કરવાનું બીડું પણ લાયન્સ ક્લબ દ્વારા ઉપાડવામાં આવ્યું છે. પર્યાવરણની જાળવણી માટે દરેક વ્યક્તિએ પોતાની દિવસ દરમિયાનની લાઇફ સ્ટાઇલમાં સુધારો લાવવાની જરૂર છે.'

ઍવૉર્ડ ફોર ઍક્સેલન્સ

સિટી રિપોર્ટર »

એચવીએસીએન્ડઆર ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી બ્રાય ઍર દ્વારા એલ. ડી કૉલેજ ઓફ ઍન્જિનિયરિંગના વિદ્યાર્થી પટેલ ગૌરાંગકુમાર પી.ને સ્ટુડન્ટ કેટેગરીમાં તેમના ઉત્કૃષ્ટ અને અનોખા પ્રોજેક્ટ માટે બ્રાય ઍર ઍવૉર્ડસ ફોર ઍક્સેલન્સ ઈન હિટિંગ, વેન્ટિલેટિંગ, ઍર કન્ડિશનિંગ અને રેફ્રિજરેટિંગ ઈન્ડસ્ટ્રી રનર અપ જાહેર કરવામાં આવ્યો છે. ભારતીય એવીએસી એન્ડઆર ઈન્ડસ્ટ્રી માટે ઉપયોગી એવા ઍવૉર્ડસ પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ અને કૉર્પોરેટ ક્ષેત્રના લોકોની ઓળખ આપવા માટે આ ઍવૉર્ડ દર વર્ષે જાહેર કરવામાં આવે છે.

'એક ટીપું...'થી શરૂ થઈ વીણાવેલી

એચ. કે. કોલેજમાં વીણાવેલી એકાંકી સ્પર્ધામાં ભાગ લઈ રહેલા કેટલાક નાટકના દૃશ્યો.

સિટી રિપોર્ટર »

એચ.કે. આર્ટ્સના સભાગૃહમાં આજથી વીણાવેલી એકાંકી નાટ્ય સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. આ નાટ્ય વેલીમાં ભજવાયેલા કેટલાક નાટકોની વાત કરવામાં આવે તો અભિનય બેંકર દ્વારા ડિરેક્ટ થયેલું 'એક ટીપું સૂરજનું' નાટક માત્ર બે કલાકારો દ્વારા જ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં માનવી પોતાની જાત સાથેના સંઘર્ષની વાત કરે છે. એક વ્યક્તિ પોતાના મનમાંથી ઉપસ્થિત થયેલા બીજી વ્યક્તિ સાથે ચિત્ર વિચિત્ર શરતો મૂકે છે અને તેના બદલામાં તેને લાખો રૂપિયા આપવાનું કહે છે. સુંદર સંવાદો સાથે ચાલતા આ નાટકનો અંત પણ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

'ક્યાં મેં અંદર આ સકતા હૂં' હિન્દી સંવાદો સાથે શરૂ થયેલું 'હમ સિર્ફ કોમ્પ્રોમાઈઝ કરતે હૈ' નાટક જીએલએસ આઈસીના મિહિર ઉપાધ્યાય દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યું છે. ૪૦ વર્ષની એક વ્યક્તિની વાત છે. જે પોતાના આખા જીવનમાં દરેક સાથે (પત્ની, બોસ, બાળકો) કોમ્પ્રોમાઈઝ કરતો આવ્યો છે. કઠપૂતળી અને જમીર (આત્મા)ના સંવાદો સાથે ચાલતો એક વ્યક્તિ જીવન કથાની રજૂઆતનો અંત પણ શરૂઆતના ડાયલોગથી જ થાય છે. આ સિવાય જે.જી.કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટના ૮ વિદ્યાર્થીઓ દ્વારા 'મૂંઝારો' એકાંકી પ્રસ્તુત કરવામાં આવી. જેમાં પ્રેમી યુગલના જીવનમાં બેકારીની સાથે હતાશા, મૂંઝારો, વેદના અને ગૂંગળામણ જેવા પાત્રો પણ તેમની આજુબાજુ ફરતા હતા. આ સુંદર કૃતિ બાદ મોહનથી મહાત્મા સુધીની યાત્રામાં ગાંધીના જીવનમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર નાટકનો કેટલો પ્રભાવ હતો અને તેમના મનમાં કેવા વિચારો ચાલતા હતા. તે વિવિધ સિનની સુંદર રજૂઆત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવભાઈ દેસાઈના ૨૫ કલાકારો કરી. ગાંધીજીના સુંદર સંવાદોવાળા આ નાટકનું લેખન અને ડિરેકસન શિવ શંકર જોષીએ કર્યું છે.

.સિટી cinema.

પ્યાર ઇમ્પોસિબલ

વાઇડ એંગલ
9, 10, 11.30, 2.45, 5.00, 7.30, 10.30
દેવી મલ્ટિપ્લેક્સ
11.15, 2.00, 7.15, 10.00
સિટી ગોલ્ડ (આશ્રમરોડ)
8.30, 11.00, 1.30, 4.00, 7.15, 10.30
સિટી ગોલ્ડ (બાપુનગર)
12.00, 2.30, 5.00, 7.45, 10.15
સિટી ગોલ્ડ (મોટેરા)
9.30, 2.45, 8.00
સિટી ગોલ્ડ (આંબલી)
9.15, 11.45, 2.15, 4.45, 7.15
સિટી ગોલ્ડ (શ્યામલ)
9.00, 11.30, 2.15, 7.45, 10.30
સિટી પલ્સ (સરખેજ) 5.45, 8.15

થ્રી ઇડિયટ્સ

વાઇડ એંગલ
8.45, 9.45, 11.45, 12.45, 2.00, 3.15, 3.45, 6.30, 7, 7.45, 9.45, 10.15, 10.45
દેવી મલ્ટિપ્લેક્સ
3.45, 9.45, 1.00, 6.45
સિટી ગોલ્ડ (આશ્રમરોડ) 8.00, 11.15, 12.45, 2.30, 4, 5.45, 7.15, 9.30, 10.30
સિટી ગોલ્ડ (આંબલી)
9.30, 1, 4, 7.15, 9.00, 12.15, 3.30, 6.45
સિટી ગોલ્ડ (શ્યામલ)
9.00, 12.00, 3.15, 6.30, 9.45, 12.45, 4.00, 7.15, 10.30

દુલ્હા મીલ ગયા

ડ્રાઇવ ઇન 7.30, 10.30
સિટી પલ્સ (ગાંધીનગર)
12.15, 3, 10.45
સિટી પલ્સ (સરખેજ) 12.15, 3, 10.45
વાઇડ એંગલ : 8.30, 11.15, 2, 7.30, 10.30
દેવી : 12.45, 7.30, 4.00, 10.00
સિટી ગોલ્ડ (આંબલી) 9.00, 11.30, 2.15, 5.00, 7.45,
સિટી ગોલ્ડ (શ્યામલ) 9.00, 11.45, 2.15, 7.45, 10.30

ફોન નં: વાઇડ એંગલ : 26929721, દેવી મલ્ટિપ્લેક્સ : 22841386, સિટી પલ્સ: 25453549, રેડ કાર્પેટ: 65425426, રાજશ્રી: 23226060 અનુપમ : 65214448, લલિતામહલ: 27523255, આરાધના : 25326900, શિવ: 26589973, રૂપમ : 25357705

» ક્રોસવર્ડ - ૧૯૧૨ ભૂપેન્દ્ર શાહ 'શંભુ'

આડી ચાવી
1. ગુજરાત ટુરિઝમનો બ્રાન્ડ એમ્બેસેડર બનનાર અભિનેતા (7)
6. કાળું, શામળું (3)
7. આમળો, આંટો (2)
8. ચોળાની દાળની એક બનાવટ (2)
10. વિમાનને દોડવાનો રસ્તો (અં) (3)
12. સાંભળવાની ઈન્દ્રિય (2)
13. રાજધાની, કેપિટલ (5)
15. રસ્તે ચાલનાર, મુસાફર (4)
18. મહેલનો બેઠકખંડ (5)
20. ભીખ માગવાનું વાસણ (4)
21. ખેલ, ક્રીડા (3)
22. રોજગાર, ગુજરાન (2)
24. યંત્રની ચાંપ, સ્વિચ (2)
25. મોજમજા, સુખચેન (6)

ઊભી ચાવી
1. ઉત્તરપ્રદેશના રાજકારણી અને અમિતાભના મિત્ર (5)
2. મિલાપ, મળવું તે (3)
3. જન્મ, જન્મારો (2)
4. શક્તિશાળી, જોમવંતું (4)
5. જૈનોનો એક મંત્ર (4)
9. યુનિવર્સિટીની વિદ્યાશાખાનો અધ્યક્ષ (અં) (2)
11. વેપાર કરનાર (3)
14. એક વનસ્પતિ જેનાં મૂળનું અથાણું બને (4)
15. રાજગાદી પર બેસાડવાની વિધિ (5)
16. અન્નજળ, નસીબ (4)
17. જમીનદારનો મહેતો (3)
19. કુશળ, સહીસલામત (4)
22. શરીર ઉપરના વાળ (2)
23. એક જાતનું ભૂત (2)

જવાબ
ક્રોસ વર્ડ 1911

ભોદી છોડો ગુજરાત, બુલા રહી હૈ દિલ્લી

હાસ્ય કવિ સમ્મેલનમાં શહેરીજનો લોટપોટ

સિટી રિપોર્ટર »

એક બાર મેરે સ્ટુડન્ટને મુઝે કહા અંગ્રેજીવાલે અંગ્રેજીમેં બોલતે હૈ, હિન્દી વાલે હિન્દીમેં બોલતે હૈ તો આપ મેથ્સમેં કયુંનહીં બોલતે મૈંને કહા અબે વિસમ સંખ્યાકી ઉત્પત્તિ, અકલ કે ભાજીપુરન ખંડ, તીન પાંચ કરતા હૈ, એક અંગૂઠા ઔર દો ઉંગલી સે કાન કે નીચે ઐસા ચાકુ ઘુમાંઉગા કે નો દો ગ્યારહ હો જાયેગા. ભીલવાડાથી આવેલા હાસ્ય કવિ રાજકુમારે ક્લાસ રૂમ પર કવિતા કહી આ રીતે ખડખડાટ હસાવ્યા હતા.

ધોલપુરથી આવેલા હાસ્ય કવિ વિજેન્દ્ર ચક્કોર માહોલને આતંકવાદીઓ અને મુંબઈને સાકળતું વ્યંગ કાવ્ય રજૂ કર્યું આતંકવાદીઓના મુંબઈ 'ઓબેરાય તાજ મેં હોતી શામ, આતંકી કર ગઈ ધડામ, હુઈ હજારો કત્લ આમ જય રઘુનંદન જય સિયારામ...' ઔર માંગે રોજ સબૂત દિખાતી આંખ ગિલાની બિલ્લી, મોદી છોડો ગુજરાત બુલા રહી હૈ દિલ્લી, ફન કૂચલે નાપાક ઈરાદે તોડો. કામ ઈનકા કરો તમામ, જય રઘુનંદન જય સિયારામ..., પ્રસ્તુતિ કરીને ખૂબ તાળીઓ મેળવી હતી.

અજમેરના ઓલ લાફ્ટર ચેલેન્જ ફેમના હાસ્યના કવિએ પોતાના સાથી કવિઓની મોબાઈલ સાથે તુલના કરતા કવિ રાજકુમાર બાદલે કહ્યુ હતું કે ચક્કોર મોબાઈલકી દૃષ્ટિસે નોકિયા ૧૧૦૮ લગતે હૈ. રાશ બિહારી ગૌર જો ચીની આઇટમ લગતે હૈ, જીસમેં ડ્યૂલ સીમ લગતે હૈ એક મેં લાફ્ટર ઔર દુસરેમેં કવિતા, વિનિત ચૌહાણ કુછ અલગ પ્રકાર કે મોબાઈલ હૈ જીસ્મે મોબાઈલ છોટા ઔર ચાર્જર બડા હૈ. તેમની બાજુમાં બેઠેલા અનુ સપન માટે જણાવ્યું હતું કે એકદમ રંગીન પીસ બાજુમાં રખા હૈ, યૈ પીસ રંગીન તો હૈ પર બ્લૂ ટુથ બી હૈ. સાથ મેં મેમરી કાર્ડ ટુ જીબી સર્પોટેડ હૈ. યહ મંચકા સૌભાગ્ય હૈ કે યહાં પર કોઈ વાયરસ પ્રોબ્લેમ નહીં હૈ. મેં ટાટાકા ડબ્બા જીસ્મેં સિક્કા ડાલો ઔર બાત કરો. જબ મંચકા સંચાલન કર રહૈ ડો. કુમાર વિશ્વાસ બહુત ખતરનાક પીસ હૈ જીસકો દેખ કર દેશ કે બડે બડે પીસ અપસેટ હૈ. દેખનેમેં છોટા ઔર તાજા પીસ હૈ પરંતુ ઈતની ગજબકી કનેક્ટિવિટી હૈ કી બેટરી પીછલે ૨૦ બર્ષો સે ચલ રહી હૈ જો ડાઉન હૌને કા નામ હીં નહીં લે રહી. શહેરમાં વસતા મારવાડી ગ્રૂપના માહેશ્વરી યુવા સંગઠન અને લાયન્સ કલબ ઓફ રાજનગર દ્વારા શહેરના સરદાર પટેલ સ્મારક ખાતે હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાસ્યના ફુવારા : માહેશ્વરી યુવા સંગઠન અને લાયન્સ ક્લબ ઓફ રાજનગર દ્વારા કવિ સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

.ટીવી ચેનલ.

સ્ટાર પ્લસ
01:00 તુજ સંગ પ્રીત લગાઈ સજના
01:30 હમારી દેવરાની
02:00 રાજા કી આયેગી બારાત
03:00 તેરે મેરે સપને
06:00 સબકી લાડલી બેબો
07:00 શ્રદ્ધા
07:30 મિતવા ફૂલ કમલ કે
08:00 સજન ઘર જાના હૈ
08:30 તેરે મેરે સપને
09:00 બિદાઈ
09:30 યે રિશ્તા ક્યા કહલાતા હૈ
10:00 સબકી લાડલી બેબો
10:30 મન કી આવાઝ પ્રતિજ્ઞા
11:00 તેરે મેરે સપને

ઝી ટીવી
11:00 અગલે જનમ મોહે બિટિયા હી કીજો
11:30 પવિત્ર રિશ્તા
01:30 યહાં મૈં ઘર ઘર ખેલી
04:00 આપકી અંતરા
07:00 ઘર ઘર મેં
07:30 છોટી બહુ
08:00 ઝાંસી કી રાની
08:30 યહાં મૈં ઘર ઘર ખેલી
09:00 પવિત્ર રિશ્તા
09:30 અગલે જનમ મોહે બિટિયા હી કીજો
10:00 કસૌલ બાગ
10:30 આપકી અંતરા

સોની
12:00 સુખ બાય ચાંસ
12:30 પ્યાર કા બંધન
01:00 જીત જાયેંગે હમ
08:00 સીઆઈડી
09:00 સુખ બાય ચાંસ
09:30 જીત જાયેંગે હમ
10:00 બેતાબ દિલ કી તમન્ના હૈ
10:30 પ્યાર કા બંધન
11:00 માહી વે

સ્ટાર વન
12:30 જાને પહચાને સે યે અજનબી
02:00 દિલ મિલ ગયે
03:00 ફિલ્મ
07:00 મિલે જબ હમ તુમ
08:00 દિલ મિલ ગયે
08:30 જાને પહચાને સે યે અજનબી
09:00 મિલે જબ હમ તુમ
09:30 લવ ને મિલા દી...
10:00 લાફ્ટર કે ફટકે

સબ ટીવી
12:30 લાપતાગંજ
01:30 મણિબેન ડોટ કોમ
02:30 સજના રે જૂઠ મત બોલો
03:30 યે ચંદા કાનૂન હૈ
07:30 મૈં કબ સાસ બનૂંગી
08:00 મણિબેન ડોટ કોમ
08:30 તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા
09:00 સજના રે જૂઠ મત બોલો
09:30 જુગની ચલી જાલંધર
10:00 લાતપાગંજ

સુખ બાય ચાંસ , રાત્રે ૦૯:૦૦ વાગ્યે , સોની પર

સહારા વન
01:00 ગણેશ લીલા
02:00 કેસરિયા બાલમ આવો હમારે દેશ
02:30 માતા કી ચૌકી
03:30 ફિલ્મ : ચાચી ૪૨૦
07:00 ઘર એક સપના
09:00 વો રહનેવાલી મહલોં કી
09:30 કેસરિયા બાલમ આવો હમારે દેશ
10:00 માતા કી ચૌકી
11:30 ફિલ્મ : ફિલ્મસ્ટાર

કલર્સ
12:30 બૈરી પિયા
02:00 બાલિકા વધૂ
02:30 ના આના ઈસ દેસ લાડો
04:00 લાગી તુજસે લગન
07:00 ભાગ્યવિધાતા
08:00 બાલિકા વધૂ
08:30 બૈરી પિયા
09:00 યે પ્યાર ના હોગા કમ
09:30 લાગી તુજસે લગન

એનડીટીવી ઇમે.
11:30 મીરા
01:00 જ્યોતિ
01:30 બંદિની
02:30 રહના હૈ તેરી પલકોં કી છાંવ મેં
08:00 મીરા
08:30 જ્યોતિ
09:00 રહના હૈ તેરી પલકોં કી છાંવ મેં
09:30 રાજ પિછલે જનમ કા
10:00 ઉતરન
10:30 ના આના ઈસ દેસ લાડો

મૂવી ચેનલ...

સ્ટાર ગોલ્ડ
08:30 દીવાને
12:30 આમરસ
03:30 સોલ્જર
08:00 દીવાર

ઝી સિનેમા
08:30 મૈં હું દુર્ગા
12:00 કલયુગ ઔર રામાયણ
04:00 બોલ રાધા બોલ
08:00 પ્યાર કા કર્ઝ

ફિલ્મી
09:30 સ્કાઈ હાઈ
12:30 લવ સ્ટોરી
04:00 વીરગતિ
08:00 દિલ ને જીસે અપના કહા

સેટ મેક્સ
08:30 ચલ મેરે ભાઈ
12:00 ક્યોંકિ મેં ઝૂઠ નહીં બોલતા
04:00 જુડવા
08:00 બાદલ

સ્ટાર મૂવીઝ
12:40 શટર
02:30 દી પ્રિંસેસ ડાયરી
04:45 ઓન્સ
06:30 બ્લેક મૂન રાઈઝિંગ
08:30 સ્ટારશિપ ટ્રૂપર્સ

એચબીઓ
12:00 એસજ્યુટી. બિલકો
02:30 બર્ન આફ્ટર રીડિંગ
04:30 એલન ક્વાર્ટરમેન...
09:00 દી સ્પાઈડર વિક ક્રોનિકલ્સ

માય એફએમ

આરાધના	૬-૭ વાગે
સલામ અમદાવાદ	૭-૧૧ વાગે
૧૬ ઓલવેસ	૧૧-૨ વાગે
દિલ ચાહતા હૈ	૨-૫ વાગે
હેપી ઇવનિંગ્સ	૫-૯ વાગે
ચાંદની રાતે	૯-૧૧ વાગે
નોટી રાતે	૧૧-૧ વાગે